# હોસ્પટીલાઈઝેશન યોજના - ૨૦૧૮

હોસ્પટીલાઈઝેશન યોજના છેલ્લા ૧૫ વર્ષથી સમાજના ખાનગી ટ્રસ્ટોના સથવારેસફળતાપૂર્વક ચાલી રહી છે. આ યોજના મારફતે ૧૫ વર્ષમાં કુલ ૭૯૦ દર્દીને કુલ્લે રૂપિયા ૧,૫૮,૦૨,૬૮૯/- ની મદદ આપવામાં આવી છે.

આ યોજના નો મુખ્ય ઉદ્દેશ સમાજજનોને માંદગી દરમ્યાન હોસ્પીટલના ખર્ચામાં મદદરૂપ થવાનો છે. આ યોજના ના મુખ્ય નિયમો નીચે પ્રમાણે છે. જે તારીખ ૧-૪-૨૦૧૮ થી અમલમાં આવશે.

૧. હોસ્પીટલના બિલો ઉપર દર્દીનું નામ ડોક્ટરનું નામ તથા તારીખ સ્પષ્ટ રીતે વંચાય તેવા હોવા જરૂરી છે. સાથે ડોક્ટરનું ઓરીઝનલ પ્રીસ્ક્રીપશન અથઓવા ઝેરોક્ષ કોપી સાથે મોકલવુ.
૨. ઓરીજનલ ડીસ્ચાર્જ કાર્ડ તથા રીપોર્ટની ઝેરોક્ષ કોપી અને તેનો એક સેટ ઝેરોક્ષ ફોર્મ સાથે ભરીને મોકલવું જરૂરી છે.
૩. ડાયાલીસીસ, કેમોથેરેપી જે વન ડે કેર ટ્રીટમેન્ટ છે. તેમાં ડીસ્ચાર્જ કાર્ડ મળતું નથી છતાં તેને હોસ્પિટલાઈજેશન ગણાશે.
૪. હોસ્પિટલમાં દાખલ થયાથી ડીસચાર્જ મળે ત્યાં સુધીનાં જ બીલો મોકલવા. ત્યારબાદ અથવા પહેલાના બીલો મોકલવા નહીં.
૫. કુટુમ્બમાં જેટલી વ્યક્તિઓ કમાતી હોય તેટલી વ્યક્તિઓની સંખ્યા તથા બધા વ્યક્તિઓની કુલ માસીક આવક લખવી જરૂરી છે.
૬. મુંબઈ રહેતા દર્દીઓની હોસ્પીટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ત્રીસ દિવસમાં કરવાની રહેશે.મુંબઈની બહાર રહેતા દર્દીઓની અરજી દાખલ કરવાની મુદત ૬૦ દિવસની રહેશે. મેડીક્લેમ માટે ફાઈલ ગઈ હોય તો મેડીક્લેમ પાસ થયેથી ત્રીસ દિવસમાં કરેલી અરજી સ્વીકારવામાં આવશે.
૭. સુવાવડ તથા સિઝેરિયનના ઓપરેશન તેમજ હોસ્પિટલાઈજેશનનો ક્લેમ સ્વીકારવામાં આવશે નહી પરંતુ સુવાવડ પછી નવા જન્મેલા બાળકને ટ્રીટમેન્ટ માટે હોસ્પીટલ દાખલ કરવો પડશે તો તેનો ક્લેમ ગણતરીમાં લેવામાં આવશે.
૮. એડમીશન ક્લાસ, અરજદારના કુટુંબની આવક તથા સમાજ અને ટ્રસ્ટોના ઠરાવેલ નીયમો પ્રમાણે જ અરજદારને રાહત આપવામાં આવશે.

**મુકેશ એસ. શાહ**
**સંચાલક**
**હોસ્પટીલાઈઝેશન**